Saarth E-Journal of Research

ISSN NO: 2395-339X

"પશું પાલન વ્યવસાયનું આર્થિકવિશ્લેષણ" (બગદાણા ગામના સંદર્ભમાં)

ધીરાભાઈ એસ. બાંભણિયા*

ટુંકસાર

દેશમાં મોટા ભાગની વસતિ ગામડામાં વસવાટ કરતી હોવાથી ગ્રામ્ય અને કૃષિ અર્થતંત્રમાં પશુંપાલન વ્યવસાયનું ઘણું મહત્વ રહેલ છે. પશુંપાલન વ્યવસાય દ્વારા લોકોને ખોરાક, આવક, રોજગારી અને જીવનનિર્વાહ પુરા પાડવામાં ઘણું મોટું યોગદાન આપે છે. બગદાણા ગામમાં ખેતી અને પશુંપાલન સિવાય અન્ય કોઈ રોજગારી માટેનો સ્રોત ણ હોવાથી અહીપશુંપાલન અને ડેરી ઉદ્યોગ ઘણું મહત્વ ધરાવે છે.અહીં ગાય અને ભેંસની દૈનિક સરેરાશ દૂધ ઉત્પાદકતા અનુક્રમે ૧૩.૩૪ લીટર અને ૧૨.૬૫ લીટર જોવા મળેલ. ખેતમજૂરોને ભેંસ કરતા ગાયના દૂધ ઉત્પાદન માં વધારે ખર્ચ થાય છે. જયારેનાના અને સીમાંત તથા મોટા ખેડૂતો ને ગાય કરતા ભેંસના દૂધ ઉત્પાદનમાં વધારે ખર્ચ થાય છે. ગાય અને ભેંસના દૂધ ઉત્પાદનમાં માસિક ચોખ્ખી આવક સૌથી વધારે નાના અને સીમાંત ખેડૂતો મળે છે. પશુપાલકોને ગાય દીઠ થતી ચોખ્ખી આવક રૂ. ૩૬૪૭.૭૪ અને ભેંસમાં રૂ. ૪૪૪૬.૭૭ મળે છે.

ચાવીરૂપ શબ્દો : પશુપાલન વ્યવસાય, પશુધન, ખર્ચ, આવક, આર્થિક વિશ્લેષણ.

પ્રસ્તાવના:

ભારત એક કૃષિ પ્રધાન દેશ છે. મોટા ભાગની વસતિ હજુ પણ ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરે છે અને કૃષિ તથા પશુંપાલન વ્યવસાય પર મુખ્યત્વે આધારિત છે. દેશમાં સતત થઇ રહેલા વસ્તી વધારાના કારણે જમીન પર વસતીનું ભારણ વધતું જાય છે. વળી ભારતમાં કૃષિ એ વંશપરંપરાગત વ્યવસાય હોવાના કારણે વારસાની વહેંચણી થતા જમીનના નાના-નાના ટુકડાઓ થવા લાગ્યા છે, આથી કુટુંબદીઠ ખેડાણ વિસ્તાર ઘટવાપામ્યો છે. આમ બિન કાર્યક્ષમ ખેડાણ ઘટકો અસ્તિત્વમાં આવવાથી ખેતી પર આધારિત પરિવારોની આવક પર વિપરીત અસર થવા પામી છે. આ ઉપરાંત કુદરતી પરિબળોની અનિયમિતતાને કારણે પણ આવા પરિવારોની આવક નીચી રહેવા પામી છે. ત્યારે બીજી તરફ તેઓ પોતાના ખર્ચાઓને નિયંત્રિત કરી શક્યા નથી.

***ધીરાભાઈ એસ. બાંભણિયા, પીએચ. ડી. રિસર્ચ સ્કોલર,વિષય : અર્થશાસ્ત્ર, પીએચ.ડી. નોંધણી ક્રમાંક : 11902905, ગુજરાત વિદ્યાપીઠ-અમદાવાદ**

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

આથી તેઓ દેવાદાર થવાની સ્થિતિ તરફ જઈ રહ્યા છે. આવા ગ્રામ્ય કુટુંબોની ઉપરોક્ત સમસ્યાઓને હલ કરી તેઓનો આર્થિક ઉત્કર્ષ કરવા માટે પૂરકઆવક ઊભી કરવી જરૂરી છે અને પશુંપાલન તે માટે એક યોગ્ય ઉપાય છે.

પ્રસ્તુત શોધપત્ર માટે ગુજરાત રાજ્યના ભાવનગર જિલ્લામાં મહુવા તાલુકાના બગદાણા ગામનો પશુંપાલન વ્યવસાય અને ડેરી ઉદ્યોગનો અભ્યાસ કરેલ છે.

બગદાણા ગામની પસંદગી

મહુવા તાલુકાના બગદાણા ગામની વસતિ ૨૦૧૧ મુજબ ૬,૭૬૪ છે. ગામમાં મુખ્ય વ્યવસાય ખેતી, ખેતમજુરી અને પૂરકવ્યવસાય પશુંપાલન છે. ખેતી પણ મોટા ભાગની વરસાદ પર આધારિત છે. સિંચાઈ માટે માટે માત્ર કુવા અને ટ્યુબવેલ પર આધારિત છે. સિંચાઈનો બીજો કોઈ વિકલ્પ નથી. બગદાણા ગામમાં એક પણ ઉદ્યોગ કે ગૃહઉદ્યોગનો વિકાસ થયેલ નથી.બગદાણામાં સુપ્રસિધ્ધ બજરંગદાસ બાપાનું મંદિર આવેલ હોવાથી અહીના સ્થાનિક લોકોને રોજગારી મળે છે. પણ એ સિવાય રોજગારીનો કોઈ વિકલ્પ નથી એટલા માટે ઉપરોક્ત કારણો અને ગ્રામ અર્થતંત્રને ધ્યાનમાં રાખી મેં અભ્યાસ ક્ષેત્ર તરીકે બગદાણા ગામની પસંદગી કરી છે.

સાહિત્ય સમીક્ષા

સિંધ, (૧૯૯૫) : ગ્રામીણ વિસ્તારમાં દેશી ગાય, સંકર ગાય અને ભેંસના પશુ આહારમાં વાર્ષિક થોડો તફાવત રહે છે. કર્નાલ વિસ્તારમાં વાર્ષિક પશુ દીઠ દેશી ગાયનો કુલ ખર્ચ રૂ. ૪૮૨૬, સંકર ગાયનો રૂ. ૬૮૯૪ અને ભેંસમાં રૂ.૬૧૯૨ આવ્યો. પ્રતિ લીટર દૂધ ઉત્પાદન ખર્ચ અનુક્રમે રૂ. ૫.૫૩, ૩.૫૩ અને ૪.૭૦ જોવા મળેલ છે.

શર્મા, બી.એલ. અને શર્મા આર.સી. (૨૦૦૪) : એ રાજસ્થાનના સીકર જિલ્લાના અર્ધસુકા વિસ્તારના ગ્રામીણ કુટુંબોના અર્થતંત્રમાં ડેરી અને ખેતી પકોના ફાળા વિષે કરેલો અભ્યાસ દર્શાવે છે કે ખેતીમાં પ્રતિ હેક્ટર કુલ ખર્ચ રૂ.૫૨૬૪૦ અને ચોખ્ખી આવક રૂ.૧૮૬૬૯ છે. ડેરી ફાર્મ દીઠ ગાય અને ભેંસનું જાળવણી ખર્ચ અનુક્રમે રૂ.૧૬૮૩૬ અને રૂ.૨૫૫૭૦ હતું, ચોખ્ખી સરેરાશ વાર્ષિક આવક રૂ.૧૦૧૫૫ હતી. કુલ આવકમાં ખેતીનો હિસ્સો ૬૪.૮૧% અને દૂધનો ૩૫.૧૯% હતો. દૂધ વ્યવસાય વાર્ષિક સરેરાશ ૩૩૮ દિવસ અને ખેતી ૨૧૯ દિવસની રોજગારી પૂરીપડે છે. પ્રતિ શ્રમિકે ખેતી અને ડેરી અનુક્રમે ૮૦ અને ૧૨૩ દિવસની સોજગરી પૂરીપડે છે. આમ આવક અને રોજગારીના સંદર્ભમાં દૂધ વ્યવસાય મહત્વની ભૂમિકાભજવે છે.

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

દેસાઇ, હસમુખ (૨૦૧૦) એ“દક્ષિણ ગુજરાત દૂધ વ્યવસાયનો આર્થિક અભ્યાસ: પ્રશ્નો અને ઉકેલો” માટે ડાંગ અને વલસાડ જિલ્લામાં લોક જાગૃતિ, લોકોના જીવન ધોરણ ખર્ચ અને રોજગાર સંબંધિતહેતુઓનેધ્યાનમાં રાખી અભ્યાસ કર્યો હતો. ૭૮ ટકા લોકો શિક્ષિત હતા, અને ૬૯ ટકા લોકો પશુપાલન વ્યવસાય કરતાં હતા. પશુપાલન વ્યવસાયમાં આવક ખર્ચ ગુણોત્તર ૧:૧.૫૪ હતો.

સિંહ, ઉપયાણાઅને અન્ય (૨૦૧૩) નો અભ્યાસ “મહિલા ડેરી સહકારી મંડળીઓના લાભાર્થીઓ પર આર્થિક અસર ” ભારતના હરિયાણા રાજ્યને ધ્યાનમાં રાખી અભ્યાસ કરવામાં કરેલ છે. સહકારી મંડળીના સભ્યોની વાર્ષિક આવક રૂ. ૪૫૬૨૮.૯૮ અને બિન- સહકારી મંડળીના સભ્યોની વાર્ષિક આવક રૂ. ૧૪૩૩૬.૬૬ હતી, જે સહકારી મંડળીના સભ્યો અને બિન સભ્યો વચ્ચે નોંધપાત્ર તફાવત હતો. હરિયાણામાં સહકારી ડેરીના કારણે ૭૫ મિલિયન પૂરુષોનીસરખામણીએ ૭૫ મિલિયન મહિલાઓ ડેરી વ્યવસાયમાં જોડાયેલી હતી. પશુધન ઉછેરમાં મહિલાઓ શ્રમશક્તિના ૭૧%યોગદાન આપે છે.

સોલંકી, રેખા (૨૦૧૭) એ ગુજરાતનાં જુનાગઢ જીલ્લામાં દૂધ ઉત્પાદક પરિવારોના આર્થિક વિકાસમાં દૂધ સહકારી મંડળીની ભૂમિકા તપાસવા માટે જૂનાગઢનાં ત્રણ તાલુકાનાં ૨૭૦ કુટુંબોનો અભ્યાસ દર્શાવે છે કે અભ્યાસ ક્ષેત્રમાં કુલ વસ્તીના ૩૭.૭૭ ટકા લોકો પશુપાલન વ્યવસાયમાથી રોજગારી મેળવતા હતા, અને ચોખ્ખું માસિક વળતર રૂ. ૧૮૧૩૪ હતું, આમ પશુપાલન વ્યવસાયથી ૭૦.૩૭ % લોકોનો આર્થિક સ્થિમાં સુધારો થયો હતો.

હેતુઓ

“પશુંપાલન વ્યવસાયનું આર્થિકવિશ્લેષણ’ (બગદાણા ગામના સંદર્ભમાં) વિષય પર શોધપત્ર તૈયાર કરવા માટે નીચેના હેતુઓનક્કી કરવામાં આવેલા છે.

૧. બગદાણા ગામમાં પશુધન અંગેની માહિતી મેળવવી.

૨. પશુંપાલનવ્યવસાયમાં આવક અને ખર્ચ અંગેનો ખ્યાલ મેળવવો.

૩. પશુંપાલનવ્યવસાયમાં થતી ચોખ્ખી આવકનો ખ્યાલ મેળવવો.

સંશોધનપધ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ માટે જરૂરી આંકડાકીય માહિતી બે પ્રકારના સ્રોતો દ્વારા મેળવવવામાં આવશે. (૧)પ્રાથમિક માહિતી અને (૨)દ્વિતીય માહિતી.

Saarth E-Journal of Research

ISSN NO: 2395-339X

પ્રાથમિક કક્ષાની આંકડાકીય માહિતી માટે અનૂસુચીનોઉપયોગ કરી રૂબરૂ મુલાકાત લઈને માહિતી એકત્ર કરવામાં આવેલ છે. આ અનૂસુચીમાં ઉત્તરદાતાએ રાખેલ પશુઓની સંખ્યા, દૂધનું ઉત્પાદન, પશુંપાલન અંગેનું ખર્ચ, પશુંપાલન વ્યવાસાયમા થતી આવક, ચોખ્ખી આવક વગેરેનો સમાવેશ કરીને માહિતી એકત્ર કરીને એ માહિતીનું આંકડાશાસ્ત્રીય વિશ્લેષણકરવામાં આવેલ છે. દ્વિતીય કક્ષાની માહિતી પશુંપાલનસંલગ્નસંસ્થાઓ, કચેરીઓ. ખાતાઓવગેરેના વાર્ષિક અહેવાલો, જીલ્લા કક્ષાએ પશુંપાલન કચેરી શાખા, સામયિકોવર્તમાન પત્રો વગેરે સ્ત્રોતો દ્વારા મેળવવામાં આવશે.

આ અભ્યાસ માટે કુલ ૧૦૦ ઉત્તરદાતા પસંદ કરવામાં આવેલ છે જેમાં ખેતમજૂર (જેની પાસે જમીન નથી અને સાંથે જમીન ખેડે તેવા ૨૪ ઉત્તરદાતા), નાના અને સીમાંત ખેડૂતો (૧૦ વીઘા કરતા ઓછી જમીન ધરાવતા ૫૪ ઉત્તરદાતા) અને મોટા ખેડૂતો (૧૦ વીઘા કરતા વધુ જમીન ધરવતા ૨૨ ઉત્તરદાતા) ની પસંદગીકરે છે.

આ સમગ્ર પ્રાથમિક આંકડાકીય માહિતીનું વિષ્લેષણ નીચે પ્રમાણે કરવામાં આવ્યું છે.

(અ) ખર્ચA : લીલો ઘાસચારો, સુકોઘાસચારો તેમજ પશુ ખોરાક ઉત્તરદાતાનો પોતાનો

(બ) ખર્ચB : ખર્ચA+ઉત્તરદાતાનો બહારથી ખરીદેલ લીલો ઘાસચારો, સુકોઘાસચારાનું ખર્ચ

(ક) ખર્ચC : ખર્ચB+પશુ આહાર માટે કરેલ રોકડ ખર્ચ (દા.ત.સર્વોત્તમ દાણ, પાપડી, ઘઉંનું પરાળ, અડદની થુલીવગેરે)

(ડ) ખર્ચD : ખર્ચC+પશુ સારવાર તેમજ અન્ય ખર્ચ

પશુંપાલન અંગેની માહિતી

બગદાણા ગામમાં પ્રાથમિક માહિતીને આધારે મેળવેલ પશુધન અંગેની માહિતી કોષ્ટક નં. ૧ માં દર્શાવવામાં આવી છે.

કોષ્ટક નં. ૧

પશુધન અને દૂધ ઉત્પાદન અંગેની માહિતી (દૂધલીટરમાં)

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

ક્રમ	પશુઓ	વિગત	ખેતમજૂર (૨૪)	નાના અને સીમાંતખેડૂતો (૫૪)	મોટા ખેડૂતો (૨૨)	કુલ(૧૦૦)
.	ગાય	નાના નર/માદા વસૂકીગયેલ દુધાળ કુલ દૈનિક દૂધ સવાર+સાંજ	૧૧ ૫ ૪૫ ૬૧ ૫૭૫	૪૧ ૧૭ ૧૧૭ ૧૭૫ ૧૫૬૯	૯ ૧૧ ૪૫ ૬૫ ૬૧૯	૬૧ ૩૩ ૨૦૭ ૩૦૧ ૨૭૬૩
.	ભેંસ	નાના નર/માદા વસૂકીગયેલ દુધાળ કુલ દૈનિક દૂધ સવાર+સાંજ	૯ ૩ ૩૧ ૪૩ ૩૬૩	૨૧૭ ૪૩ ૧૯૧ ૪૫૧ ૨૩૭૩	૧૩ ૫ ૬૫ ૮૩ ૭૮૧	૨૩૯ ૫૧ ૨૭૮ ૫૭૭ ૩૫૧૭

કોષ્ટક નં. ૧ દર્શાવે છે કે કુલ ૧૦૦ ઉત્તરદાતા પાસે૩૦૧ ગાય અને ૫૭૭ ભેંસ છે.કુલ ગાયના નાના નર/માદા તથા દૂધ ન અપાતી(વસૂકીગયેલ) ગાય ભેંસનો સમાવેશ થાય છે. દૂધાળી૨૦૭ ગાયો ૨૭૬૩ લીટર જેટલું દૈનિક દૂધ આપે છે. અર્થાત એક ગાય દૈનિક સરેરાશ ૧૩.૩૪ લીટર દૂધ આપે છે.૨૭૮ દૂધાળી ભેંસ ૩૫૧૭ લીટર દૂધ આપે છે. ભેંસનું સરેરાશ દૈનિક દૂધ ઉત્પાદન ૧૨.૬૫થાય છે.

પશુંપાલન વ્યવસાયનું ખર્ચ

અનૂસુચીનાઆધારે જે પ્રાથમિક માહિતી એકત્રિત કરેલ છે તેના આધારે ખેતમજૂર, નાના અને સીમાંતખેડૂતો અને મોટા ખેડૂતોએ પશુંપાલન વ્યવસાયમાં જે ખર્ચ કરેલ છે. તે કોષ્ટક નં. ૨ માં દર્શાવેલ છે.ખર્ચ A માં બધા જ ઉત્તરદાતાએ પોતાના ઘરનો લીલો ઘાસચારો, સુકો ઘાસચારો તેમજ અન્ય વસ્તુઓ માટેનો રોકડ ખર્ચ કરેલ નથી તે દર્શાવેલ છે. આ બધાજ

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

ઉત્તરદાતાઓ પોતાની જમીનમાં જ થતા ઘાસચારાની ખરીદી કરવી પડતી ન હોવાથી ઘાસચારા માટે ખર્ચ કરવું પડતું નથી.

કોષ્ટક નં. ૨

પશું પાલન વ્યવસાયનું ખર્ચ (૩૦ દિવસનું ખર્ચ રૂ. માં)

ક્રમ	વિગત	ખેતમજૂર (૨૪)		નાના અને સીમાંત ખેડૂતો(૫૪)		મોટા ખેડૂતો (૨૨)	
		ગાય	ભેંસ	ગાય	ભેંસ	ગાય	ભેંસ
.	ખર્ચA	૩૫૧૪૯૦	૨૦૫૫૭૦	૧૦૭૭૩૩૦	૧૭૮૫૫૧૦	૩૬૩૫૩૦	૪૯૯૭૧૦
	ખર્ચB	૩૯૭૧૭૦	૨૪૯૦૩૦	૧૧૬૬૨૯૦	૧૮૨૪૨૯૦	૪૦૩૮૧૦	૫૫૫૬૩૦
	ખર્ચC	૪૧૬૧૯૦	૨૫૫૬૯૦	૧૧૮૫૯૭૦	૧૮૯૦૫૭૦	૪૪૬૯૫૦	૫૮૦૯૭૦
.	કુલ ખર્ચ	૪૨૪૨૧૦	૨૫૬૫૧૦	૧૨૦૧૮૯૦	૧૮૯૯૦૩૦	૪૫૭૩૭૦	૫૯૫૩૧૦

નોંધ: કુલખર્ચ ત્રણેય ખર્ચના સરવાળા કરતા વધારે છે કારણ કે તેમાં પશુ સારવાર અને સંવર્ધનખર્ચ અને અન્ય ખર્ચનો સમાવેશ થાય છે.

પશું પાલન વ્યવસાયમાંથી થતી આવક

બગદાણા ગામની પશું પાલન વ્યવસાયમાંથી થતી આવક કોષ્ટક નં. ૩ માં દર્શાવેલ છે. બગદાણા ગામમાં નાના અને સીમાંત ખેડૂત ગાય કરતા ભેંસ રાખવાનું વધુ પસંદ કરે છે. જયારે ખેતમજૂર ગાય રાખવાનું વધુ પસંદ કરે છે. આ ગામમાં મોટા ભાગના ઉત્તરદાતા સંકરગાય રાખે છે. જેથીતેમને દૂધ ઉત્પાદન વધુ મળે છે. અને દૂધની આવક પણ વધુ મળે છે. આ ઉપરાંત સર્વોત્તમ ડેરીનો ભાવ વધારાનો લાભ દૂધ મંડળીનાં સભ્યોને આપે છે. આથી આ ગામમાં પશું પાલન વ્યવસાય સાથે સંકળાયેલા મોટા ભાગના લોકો સહકારી દૂધ ઉત્પાદક મંડળીમાં દૂધ ભરે છે.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

કોષ્ટક નં. ૩

પશું પાલન વ્યવસાયમાં થી થતી આવક(દૈનિક દૂધ લીટરમાં અને દૈનિક આવક રૂ. માં)

ક્રમ	પશુઓ	વિગત	ખેતમજૂર (૨૪)	નાના અને સીમાંતખેડૂતો (૫૪)	મોટા ખેડૂતો (૨૨)	કુલ(૧૦૦)
.	ગાય (અ)	દૈનિક ઉત્પાદન ઘર વપરાશ ડેરીમાં વેચેલ દૈનિક આવક	૫૭૫ ૩૩ ૫૪૨ ૨૬૦૧૬	૧૫૬૯ ૬૫ ૧૫૦૪ ૭૨૧૯૨	૬૧૯ ૩૯ ૫૮૦ ૨૭૮૪૦	૨૭૬૩ ૧૩૭ ૨૬૨૬ ૧૨૬૦૪૮
.	ભેંસ (બ)	દૈનિક ઉત્પાદન ઘર વપરાશ ડેરીમાં વેચેલ દૈનિક આવક	૩૬૩ ૩૧ ૩૩૨ ૧૮૨૬૦	૨૩૭૩ ૨૧૬ ૨૧૫૭ ૧૧૮૬૩૫	૭૮૧ ૩૭ ૭૪૪ ૪૦૩૨૦	૩૫૧૭ ૨૮૪ ૩૨૩૩ ૧૭૭૨૧૫
.	અ+બ	કુલ આવક	૪૪૨૭૬	૧૯૦૮૨૭	૬૮૧૬૦	૩૦૩૨૬૩

પશું પાલન વ્યવસાયમાં થી થતી ચોખ્ખી આવક

બગદાણા ગામમાં પશું પાલન વ્યવસાયનું ખર્ચ કોષ્ટક નં. ૨ માં દર્શાવેલ છે, જયારે દૈનિક આવક કોષ્ટક નં. ૩ માં દર્શાવવામાં આવી છે. પશુપાલન વ્યવસાયની દૈનિક આવકને માસિક આવકમાં ફેરવીને ૩૦ દિવસની ચોખ્ખી આવકનો અંદાજ મેળવવામાં આવેલ છે જે કોષ્ટક નં. ૪ માં દર્શાવવામાં આવેલ છે.

કોષ્ટક નં. ૪

પશું પાલન વ્યવસાયમાં થી થતી ચોખ્ખી આવક

વિગત	કુલ આવક		કુલ ખર્ચ		ચોખ્ખી આવક	
	ગાય	ભેંસ	ગાય	ભેંસ	ગાય	ભેંસ
ખેતમજૂર (૨૪)	૭૮૦૪૮૦ ૨૧૬૫૭૬	૫૪૭૮૦૦ ૩૫૫૯૦૫	૪૨૪૨૧૦ ૧૨૦૧૮૯	૨૫૬૫૧૦ ૧૮૯૯૦૩	૩૫૬૨૭૦	૨૯૧૨૯૦ ૧૬૬૦૦૨

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

નાના અને સીમાંત ખેડૂતો (૫૪)	૦	૦	૦	૦	૯૬૩૮૭૦	૦
મોટા ખેડૂતો (૨૨)	૮૩૫૨૦૦	૧૨૦૯૬૦૦	૪૫૭૩૭૦	૫૯૫૩૧૦	૨૩૯૮૯૦	૬૧૪૨૯૦
કુલ (૧૦૦)	૩૧૮૧૪૪૦	૫૩૧૬૪૫૦	૨૦૮૩૪૭૦	૨૭૫૦૮૫૦	૧૦૯૭૯૭૦	૨૫૬૫૬૦૦

કોષ્ટકનં. ૪દર્શાવે છે કેએકખેતમજૂર દીઠગાયના દૂધ ઉત્પાદન દ્વારા માસિક કુલ આવક રૂ. ૩૨૫૨૦મળે છે, તેની સામે ખર્ચ ૧૭૬૭૫.૪૨થાય છે. માટેતેને ચોખ્ખું વળતર રૂ.૧૪૮૪૪.૫૮ મળે છે. ભેંસના દૂધ ઉત્પાદન દ્વારા કુલ માસિક આવક રૂ. ૨૨૮૨૫ પ્રાપ્ત થાય છે તેનામાટે ખર્ચ રૂ. ૧૦૬૮૭.૯૨ થાય છે તેથી તેમને મળતી ચોખ્ખી આવક ૧૨૧૩૭.૦૮ પ્રાપ્ત થાય છે. નાના અને સીમાંત ખેડૂત દીઠ ગાય અને ભેંસના દૂધ ઉત્પાદન દ્વારામળતી ચોખ્ખી આવક અનુક્રમે રૂ. ૧૭૫૯૭.૪૫ અને ૩૦૭૪૧.૧૧ મળે છે. મોટા ખેડૂતોને ગાય અને ભેંસના દૂધ ઉત્પાદનથી મળતી ચોખ્ખી આવક અનુક્રમેરૂ.૧૭૧૩૭.૯૬ અને ૨૭૩૨૨.૨૮ પ્રાપ્ત થાય છે.

પશુપાલકોને સર્વોત્તમ ડેરી તરફથી મળતા લાભો અંગેના અભિપ્રાયો

- દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં નિયમિત દૂધ કેટલું ભરાયું, કેટલી આવક થઇ તેની પહોચ મળે છે ને દૂધ ભરવાથી ૧૦ દિવસે નિયમિત પગાર મળે છે.
- ખાણદાણ તેમજ ઘી ડેરી દ્વારા ઉધાર આપે છે અને દર ૧૦ થી ૨૦ દિવસે પૈસા હપ્તા દ્વારા ચૂકવાયછે.
- કેલ્શિયમ અને આરોગ્ય સારવાર દૂધ ઉત્પાદક સહકારી મંડળીતરફથી મળે છે.
- ડેરીના નફામાંથી બોનસ ઉત્તરદાતાને મળે છે. કુલ દૂધ ભરેલ હોય તેના ૨ થી ૫ ટકાડિવિડન્ડ પ્રાપ્ત થાય છે.
- દૂધ ઉત્પાદક સહકારી મંડળી પોતાના ખર્ચે સર્વોત્તમ ડેરીની મુલાકાતે લઇ જાય છે તેમજ મહિલા સભ્યોને પશું પાલનવ્યવસાયની તાલીમ પણ આપે છે.
- ભાવના ફેરફારનો લાભ દૂધ ભરનાર સભ્યને પ્રાપ્ત થાય છે.
- દુધાળા પશુઓ વધારે હોય તો દોહવા માટેના મશીનમાં ૮૦% અને ઘાસ કાપવાના મશીનમાં ૫૦% સબસીડી આપે છે.

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

તારણો :-

- ખેતમજૂર, નાના અને સીમાંત ખેડૂતો અને મોટા ખેડૂતોમાં કુલ ગાયની સરેરાશ સંખ્યા અનુક્રમે ૨.૫૪, ૩.૨૪ અને૨.૯૫તથા ભેંસોમાં આ પ્રમાણ અનુક્રમે ૧.૭૯, ૮.35 અને૩.૭૭ છે.
- ગાયનું કુલ ખર્ચ ખેતમજૂર, નાના અને સીમાંત ખેડૂતો અને મોટા ખેડૂતોમાં અનુક્રમેરૂ ૪૨૪૨૧૦, ૧૨૦૧૮૯૦ અને૪૫૭૩૭૦ છે.
- ભેંસનું કુલ ખર્ચ ખેતમજૂર, નાના અને સીમાંત ખેડૂતો અને મોટા ખેડૂતોમાં અનુક્રમેરૂ ૨૫૬૫૧૦, ૧૮૮૯૦૩૦ અને ૫૯૫૩૧૦ છે.
- ગાયના દૂધ ઉત્પાદનથીખેતમજૂર, નાના અને સીમાંત ખેડૂતો અને મોટા ખેડૂતોને થતી માસિક આવક અનુક્રમેરૂ૭૮૦૪૮૦, ૨૧૬૫૭૬૦ અને ૮૩૫૨૦૦ છે.
- ભેંસનાદૂધ ઉત્પાદનથી માસિકખેતમજૂરનેરૂ.૫૪૭૮૦૦, નાના અને સીમાંત ખેડૂતોને રૂ.૩૫૫૯૦૫૦ અને મોટા ખેડૂતોને રૂ. ૧૨૦૯૬૦૦ જેટલી આવાક પ્રાપ્ત થાય છે.
- ગાયના દૂધ ઉત્પાદન દ્વારા ખેતમજૂરનેરૂ. ૩૫૬૨૭૦, નાના અને સીમાંત ખેડૂતોને રૂ.૯૬૩૮૭૦ અને મોટા ખેડૂતોને રૂ. ૨૩૯૮૯૦જેટલીચોખ્ખી આવાક પ્રાપ્ત થાય છે.
- ભેંસના દૂધ ઉત્પાદનથી માસિક ખેતમજૂરનેરૂ.૨૯૧૨૯૦, નાના અને સીમાંત ખેડૂતોને રૂ.૧૬૬૦૦૨૦ અને મોટા ખેડૂતોને રૂ. ૬૧૪૨૯૦ જેટલી ચોખ્ખી આવાક પ્રાપ્ત થાય છે.
- એક ખેતમજુરની ગાય અને ભેંસ દીઠ થતી આવક અનુક્રમે રૂ.૭૯૧૭.૧૧ અને૯૩૯૬.૪૫ છે. નાના અને સીમાંત ખેડૂતો ગાય અને ભેંસ દીઠ થતી આવક અનુક્રમે રૂ. ૮૨૩૮.૨૦ અને ૮૬૯૧.૨૦ છે. તથા મોટા ખેડૂતોની ગાય અને ભેંસ દીઠ થતી આવક અનુક્રમે રૂ. ૫૩૩૦.૮૯ અને ૯૪૫૦.૬૧ છે.
- કુલ ૧૦૦ પશુપાલકોમાં એક ગાય દીઠ રૂ.૩૬૪૭.૭૪ ની ચોખ્ખી આવક મળે છે જયારે ભેંસ દીઠ ચોખ્ખી આવક રૂ. ૪૪૪૬.૭૭ મળે છે.

સંદર્ભસૂચી

- ગોદર્શન, અંક૧૦, ડિસેમ્બર ૨૦૨૦, ગાંધીનગર
- દેસાઇ, હસમુખ (૨૦૦૮). "સહકારી ડેરી ઉદ્યોગનો અર્થશાસ્ત્રીય અભ્યાસ" (બનાસ ડેરીના સંદર્ભમાં). ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ.

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

❖ દેસાઇ, હસમુખ (૨૦૧૦), "દક્ષિણ ગુજરાત દૂધ વ્યવસાયનો આર્થિક અભ્યાસ: પ્રશ્નો અને ઉકેલો", ગુજરાત વિદ્યાપીઠ – અમદાવાદ.
❖ પ્રજાપતિ, જે. પી. અને અન્ય. (૨૦૧૮). "ડેરીઉદ્યોગ" આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
❖ સોલંકી, રેખા (૨૦૧૭), દૂધ ઉત્પાદક પરિવારોના આર્થિક વિકાસમાં દૂધ સહકારી મંડળીની ભૂમિકા: ગુજરાતનાં જુનાગઢ જીલ્લામાં એક અભ્યાસ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી– રાજકોટ.
❖ Sharma B.L.and Sharma, R.C. (2004), "Contribution of Dairy and Crop enterprises to the Economy of the Rural Families in Semi Arid Region of Rajasthan", *Indian Journal of AgriculturalEconomics*, Vol. 59(3), PP.608-613.
❖ Singh, in, (1995), "Cost Effectiveness of Milk Production InEsrtern India" *Indian Dairyman*, Vol. 52(12), pp-41.
❖ Singh Upayana and et. at. (2013), 'Economic Impact of Women Dairy Co-operative Societies on its Beneficiaries : A study in Haryana State of India',*Indian journal of Diary Science*, Vol.64No, 5, PP.428-434 an IDA Publication.